ગાંધીનગર સમાચાર

તા. ૭-૪-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ન્યાયતંત્રને વાઇબ્રન્ટ બનાવવાની જરૂર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો તથા હાઇકોર્ટોના મુખ્ય ન્યાયાધીશોની બેઠકમાં ઘણી અગત્યની ચર્ચા કરી છે. કાયદાના ગૂંચવાડા અને ટ્રિબ્યુનલોને કારણે ન્યાય વેળાસર મળતો નથી, તે સર્વવિદિત છે. વળી અંગ્રેજોના જમાનાના એવા ઘણા કાયદા છે જે આજની પરિસ્થિતિમાં વાહિયાત લાગે અને બિલકુલ તર્કસંગત ન લાગે. મોદીએ ન્યાયાધીશોને ખૂબ સૌમ્ય અને સંગત ભાષામાં કહેવા જેવું ઘણું બધું કહી દીધું. જનસાધારણ તો ન્યાયાધીશને ભગવાન જ ગણે છે. ઇશ્વરે ન્યાયાધીશો પર વિશેષ જવાબદારી મૂકી છે. પરંતુ આપણું ન્યાયતંત્ર એટલું જટિલ છે કે એક વાર કેસ દાખલ થયા પછી એનો ચુકાદો ક્યારે આવશે તેની કદાચ ઇશ્વર પણ આગાહી કરી શકે એમ નથી. ભારતની અદાલતોમાં ત્રણ કરોડ જેટલા કેસ પેન્ડિંગ છે. હાલની સ્થિતિમાં એમનો નિકાલ આવતાં વર્ષો લાગી શકે. અંગ્રેજીમાં કહેવત છે : 'જસ્ટિસ ડિલેઇડ મીન્સ જસ્ટિસ ડિનાઇડ.' સમયસર ન્યાય ન આપી શકાય તો એવા ન્યાયનો કોઇ જ મતલબ નથી રહેતો. વળી, ખુદ મુખ્યમંત્રી હવે બિનજરુરી કાયદાઓ અને ટ્રિબ્યુનલોનું ભારણ હળવું કરવા કૃત સંકલ્પ છે. મુખ્ય ન્યાયમૂર્તિ દત્તુની હાજરીમાં મોદીએ ઓછામાં ઓછા પાંચ વખત 'ફાઇવસ્ટાર - એક્ટિવિસ્ટ' શબ્દપ્રયોગ કર્યો. આવા કર્મશીલોના પ્રભાવ હેઠળ ક્યારેક ન્યાયતંત્ર અંજાઇ જતું હોવાનો સંકેત પણ કર્યો. એવા લોકોને કારણે ન્યાયમાં વિલંબ પણ થતો હોય છે. સરકાર ન્યાયતંત્રને વધુ સશક્ત અને સમર્થ બનાવવા કૃતસંકલ્પ હોવાની વાત પણ વડાપ્રધાને કરી. મોદી બીજા નેતાઓ કરતાં જુદી માટીના છે અને પાંચ વર્ષના એમના શાસનકાળમાં વિવિધ ક્ષેત્રે કશુંક નક્કર પ્રદાન કરવા કૃત સંકલ્પ છે. ૧૭૦૦ જેટલા બિનજરુરી અને અર્થહીન બની ગયેલા કાયદાઓ નાબૂદ કરવાનો એમને નિર્ણય પણ કાબિલેદાદ છે. અલબત્ત ન્યાયતંત્ર મોદીના વ્યક્તિત્વને બહુ સાવચેતીપૂર્વક લેવાનું પસંદ કરશે કારણ કે એમનામાં એક પ્રચ્છન્ન સરમુખત્યાર બેઠો હોવાની ધાસ્તી પણ એને રહ્યા જ કરે છે. મોદીના ભાષણ સામે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ દત્તુએ સરસ નિરીક્ષણ કર્યું છે. સંસદ અને ન્યાયપાલિકા - બેઉ લોકતંત્રનાં ફરજંદ હોવાને નાતે સહોદર છે. સહોદરો એકમેકને પડતાં-આખડતાં બચાવે ત્યાં સુધી તો બરાબર; પરંતુ દેશી ભાષામાં જેને 'ભઇલા-ખાર' અને શાસ્ત્રીય ભાષામાં 'સહોદર શત્રુતા' ('સિબલિંગ રાઇવલરી') કહેવામાં આવે છે, તેવી સ્થિતિ જરૂર ચિંતાજનક બની શકે. ન્યાયાધીશો સાથેના સહચિંતનનો વિચાર આવતો તે જ મોદીને બીજા નેતાઓ કરતાં જુદા પાડે છે. મોદી એક ખૂબ પાયાની રજૂઆત કરવાનું ચૂકી ગયા લાગે છે. દત્તુએ અને કાયદામંત્રી સદાનંદ ગોડાએ અંગ્રેજીમાં ભાષણ કર્યું. મોદી હિંદીમાં વધુ સારી રજૂઆત કરી શકતા હોઇ તેઓ હિંદીમાં જ બોલ્યા. હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં દલીલોથી લઇ ચુકાદા સુધી બધું જ પરંપરા મુજબ અંગ્રેજીમાં ચાલે છે. જેને ન્યાય આપવાનો છે અથવા જેવી સામે કેસ ચાલે છે અને ગુના બદલ એને સજા થવાની સંભાવના છે, તેવા આમ આદમી જે કરે તે બરાબર - એમ માની લેવાનું રહે છે. આવડા મોટા દેશની લોકશાહીમાં ન્યાયતંત્ર વિદેશી ભાષામાં ચાલે તે શું નામોશીભરી બાબત નથી? વડાપ્રધાને આ મુદ્દો ઉઠાવવાની જરુર હતી.

# હવે, તાલુકાનો દરેક નાગરિક સાક્ષર બનશે, ફરતુ પુસ્તકાલય ગામે ગામ ફરશે

## રાજય મધ્યસ્થ ગ્રંથાલય શહેરમાં ૧૭ અને તાલુકાના ૪૮ ગામડાઓમાં ફરી વિના મૂલ્યે લાભ આપશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના પ્રજાજનોને ગ્રંથાલયનો લાભ મળે તે માટે રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ગાંધીનગર દ્વારા ગામડે ગામડે ફરતા પુસ્તકાલયની સેવા વિના મૂલ્યે આપવામાં આવશે.

પુસ્તક એ મન માટે સાબુનું કાર્ય કરે છે. માણસને એકાંતના સમયમાં પુસ્તક ખુબ જ ઉપયોગી નિવડી શકે છે. તેમજ દેશનો ઈતિહાસ પુસ્તકોમાંથી જ જાણી શકાય છે. નગરજનો અને તાલુકાના નાગરિકોના જ્ઞાનમાં ઉમેરો થાય તે માટે રાજય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ફરતા પુસ્તકાલયની સેવા આપવામાં આવશે.

ગ્રંથાલય દ્વારા શહેરના ૧૭ સ્થળો અને ગાંધીનગર તાલુકાના ૪૮ ગામોમાં ફરતુ પુસ્તકાલયની સેવા આપવામાં આવશે. સચિવાલયના કર્મચારીઓને પણ આ સેવાનો લાભ આપવામાં આવશે.

હાલમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને શાળાકીય પરીક્ષાઓ ચાલી રહી છે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં ખુબ જ ઉપયોગી થઈ શકશે. ફરતા પુસ્તકાલયમાં અનેક ઉપયોગી પુસ્તકો રાખવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને બજારમાં ન મળતા તેમજ ખુબ જ ઉંચી કિંમત હોય તેવા પુસ્તકોનો વિના મૂલ્યે લાભ લઈ શકશે.

તારીખ ૬-૪-૨-૧૫ના રોજ સે-૧, ૧૧.૩૦થી ૧૨.૩૦-સે-૨ ૧૩.૦૦થી ૧૪.૦૦-સે-૩ ૧૪.૩૦થી ૧૫.૩૦-સે-૩-એ ૧૬.૦૦થી ૧૭.૦૦

૭-૪-૨૦૧૫ના રોજ સેકટર-૪ ૧૧.૩૦થી ૧૨.૩૦-સે-૫ ૧૩.૦૦થી ૧૪.૦૦-સે-૧૩ ૧૪.૩૦થી ૧૫.૩૦-સે-૬ ૧૬.૦૦થી ૧૭.૦૦

૮-૪-૨૦૧૫ના રોજ સેકટર-૧૫ ૧૧.૩૦થી ૧૨.૩૦-સે-૨૪ ૧૩.૦૦થી ૧૪.૦૦-સે-૨૫ ૧૪.૩૦થી ૧૫.૩૦-સે-૨૬ ૧૬.૦૦થી ૧૭.૦૦

૯-૪-૨૦૧૫ના રોજ સેકટર-૨૭ ૧૧.૩૦થી ૧૨.૩૦-સે-૨૮ ૧૩.૦૦થી ૧૪.૦૦-જીઈબી કોલોની ૧૪.૩૦થી ૧૫.૩૦-પેથાપુર ૧૬.૦૦થી ૧૭.૦૦

૧૦-૪-૨૦૧૫ના રોજ ઈન્ફોસીટી ૧૧.૩૦થી ૧૨.૩૦-કુડાસણ ૧૩.૦૦થી ૧૪.૦૦-રાયસણ ૧૪.૩૦થી ૧૫.૩૦-સે-૭ ૧૬.૦૦થી ૧૭.૦૦

## હરિની દ્રષ્ટિ...



લો, સાહેબ થીસીસ... કેટ કેટલા ઝગડા મારામારી બાદ 'અહિંસા' પરનું મારું કામ પત્યું....!!

### રાજભવન પરિવાર દ્વારા આયોજિત

# ક્રિકેટ ટૂર્નામેન્ટના વિજેતા રાજભવન સ્ટાફ ટીમને વિનર્સ ટ્રોફી એનાયત કરતા રાજયપાલશ્રી

રાજભવન પરિવાર દ્વારા ૨૧મી માર્ચ થી ૫ એપ્રિલ-૨૦૧૫ સુધી જીમખાના મેદાન, સેકટર-૨૧ ખાતે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટના ગઈકાલે અંતિમ દિવસે ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ ટુર્નામેન્ટની વિજેતા રાજભવન સ્ટાફ ટીમ-૧ ટીમના કેપ્ટન વિક્રમ એમ. ચૌહાણને વિનર્સ ટ્રોફી એનાયત કરી અભિનંદન આપ્યા હતા. તેમણે રાજભવન પરિવાર દ્વારા શરુ કરાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે આયોજકોના પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જમાવ્યું હતું કે રમત-ગમતની પ્રવૃત્તિ દ્વારા પરસ્પર બંધુત્વ અને ખેલદિલીની ભાવના દૃઢ બને છે. આવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં વિકસે જે ઈચ્છનીય છે.

મેન ઓફ ધ મેચ (ફાઈનલ) હસ્તે સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગૃહનિયામક બકુલ જાની, એડીસી (પી) દિવ્યા મિશ્રા, એડીસી (એન) લે. સત્યમ દૂબે, ખાસ ફરજ પરના અધિકારી દેવ ભારદ્વાજ, નાયબ પોલીસ અધિક્ષક ડી.ડી. દૂબે, સેકશન અધિકારી ડી.પી. શાહ, હાઉસ સુપ્રિન્ટેન્ડેન્ટ પી. એ. જાડેજા, નાયબ સેકશન



હતી. જયારે રાજભવન સ્ટાફ ટીમ-૨ ટીમના કેપ્ટન ધર્મેશ એ. કનોજીયાને રનર્સ-અપ ટ્રોફી શ્રીમતી અવિનાશ કોહલીના હસ્તે એનાયત કરાઈ હતી.

રાજયપાલશ્રીએ વિજેતા ટીમ સહિત બધી ટીમોના ખેલાડીઓને આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે વિશાલ ઠાકોર અને મેન ઓફ ધી સીરીઝમાં બેસ્ટ બેટ્સમેન તરીકે વિક્રમ એમ. ચૌહાણ, બેસ્ટ બોલર તરીકે કરણ પરમાર તથા વિજેતા ટીમના ખેલાડીઓને ચંદ્રકોથી રાજયપાલશ્રી, શ્રીમતી અવિનાશ કોહલીજી તથા અગ્ર સચિવશ્રીના અધિકારી રવિશંકર કે. તિવારી, રાકેશ આર.રાવત, રાજભવન વસાહત મંડળના દિપકભાઈ મકવાણા, જિતેન્દ્રભાઈ ચાવડા, બિપીનભાઈ પરમાર, મહેશભાઈ પરમાર તેમજ રાજભવન પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ નાસાના પ્રવાસે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ (જીઆઈપીએસ)ના વિદ્યાર્થીઓ ૧૩ દિવસના નાસા, (નેશનલ એરોનોટિક એન્ડ સ્પેસ એડમીની-સ્ટ્રેશન), ઓરલેન્ડો, વોશિંગ્ટન, ન્યુયોર્ક, નાયગ્રા ફોલ, અમેરિકાના ૧૩ દિવસના પ્રવાસે જઈ રહ્યા છે. તે દરમિયાન નાસા ખાતે ૬ દિવસ અંતરિક્ષયાત્રી તાલિમ શિબિર લેવાના છે. આ શૈક્ષણિક તાલિમ શિબિર દરમિયાન બાળકો અંતરિક્ષયાત્રી જેવી જ વિવિધ તાલિમ પ્રક્રિયામાંથી પસાર થશે.

જેમાં ઝીરો ગ્રેવીટી, મિશનએરિયા-૫૧, મિશન-જી ફોર્સ, મૂન વોક બાળકો શીખશે. એ ઉપરાંત વિવિધ પ્રેઝન્ટેશન અને એકટીવીટીઝ તો ખરી જ. આ સાથે તેઓ વોંશિગ્ટન, ન્યુયોર્ક, નાયગ્રા ફોલની મુલાકાતે પણ જશે. આ પ્રવાસમાં પસંદગી પામવા માટે વિદ્યાર્થીઓને શાળા ખૂબ અભિનંદન પાઠવે છે.

# આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓનું મહત્વ વિષય પર શિબિર યોજાઈ

## સે-૬ સ્થિત કુટુંબ સલાહ કેન્દ્રએ સોનીપુરમાં શિબિર યોજી મહિલાઓને જાગ્રત કરી

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજય બાળ કલ્યાણ સંઘ સંચાલિત સેકટર-૬ સ્થિત કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા મહિલાઓ માટે સોનીપુર ગામમાં શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં મહિલાઓને અત્યાચારો, અંધશ્રધ્ધા સહિતના વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર સે-૬ સ્થિત કુટુંબ સલાહ કેન્દ્ર મહિલાઓ માટે કાર્યરત છે. કેન્દ્ર દ્વારા ગાંધીનગર જિલ્લાના સોનીપુર ગામમાં મહિલાઓ વિવિધ કાયદાથી વાકેફ થાય અને અત્યાચારોનો સામનો કરી તે હેતુથી શિબિર યોજવામાં આવી હતી.

શિબિરમાં ગાંધીનગરના મહિલા વકીલ ઈન્દુબા રાઠોડે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ત્રીઓનું સામાજિક, આર્થિક અને રાજકીય સ્થાન વિષય પર વકતવ્ય આપી માહિતી પુરી પાડી હતી. મહિલા પર ઘરેલું હિંસા થતી અટકાવવા અને અંધશ્રધ્ધાથી દૂર રહેવા જાણકારી આપી હતી. શિબિરમાં કેન્દ્રના કાઉન્સિલરો, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# દલિત સાહિત્ય મંચે એક સપ્તાહ ડૉ. બાબા સાહેબના ગ્રંથો પર વકતવ્યનું આયોજન કર્યું

ગાંધીનગર, તા.૬

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે એક સપ્તાહ બાબા સાહેબના ગ્રંથોની ગાથા રજૂ કરવામાં આવશે. તા. ૮ થી ૧૪ એપ્રિલ રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે વકતાઓ વિવિધ ગ્રંથો પર વકતવ્ય રજૂ કરશે. જેમાં તા. ૮ના રોજ અછૂત કોણ? કેવી રીતે? નટુભાઈ પરમાર, ૯મીએ શુદ્રોની શોધ, પ્રવિણ ગઢવી, ૧૦મીએ રાજયો અને લઘુમતીઓ, સાહિલ પરમાર, ૧૧મીએ ભારતમાં નીતિઓ-રમણ વાઘેલા ૧૨મીએ હિન્દુ ધર્મનું તત્વ ચિંતન-નીરવ પટેલ, ૧૩મીએ હિદુ ધર્મના કોયડા-હરીશ મંગલમ્ અને ૧૪મીએ જાતિ નિર્મૂલન વિષય પર ચંદુ મહેરિયા વકતવ્ય આપશે.

# સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતિજનનો બીજો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૬

શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતિજનો માટે દ્વિતીય જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. જીવનસાથી પસંદગી સંમેલન વિસનગર ખાતે યોજાશે. સમાજના લગ્નોત્સુક યવક યુવતિઓએ પ્રવેશ ફોર્મ મેળવી તા. ૨૦ એપ્રિલ સુધી રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે. રજીસ્ટ્રેશન ફોર્મ www.hatkeshwarmahadev.in વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે તેમજ પ્રવેશ ફોર્મ હાટકેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ કાર્યાલય જાનીવાડો, દરબાર રોડ વિસનગર ખાતેથી પણ મેળવી તેજ સ્થળે પરત કરવા જણાવ્યું છે.

# ટેકનોલોજીકલ ક્રાંતિ આપણા સમાજના વૈચારિક સ્વાસ્થ્ય, નૈતિક મૂલ્યો તથા ગૌરવશાળી સંસ્કૃતિ પર મરણતોલ ફટકો મારનારી પૂરવાર થઇ રહી છે, આ સંજોગોમાં થોડી સાવધાની રાખવામાં આવે તો તેના પ્રયોગથી થનારાં દુ:ખદ પરિણામોથી સહેલાઇથી બચી શકાય

## વિચારસભા

## આધુનિકતાનો અતિરેક

- નેહલ જયદીપ ગઢવી

આધુનિકતાના અતિરેકના કારણે માનવજીવનમાં, સંબંધોમાં, તેમ જ સંવેદનાઓમાં ઘણાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. બાળકોથી માંડીને વયોવદ્ધ વડીલો કોઈને કોઈ પ્રકારે તેનો ભોગ બની રહ્યા છે. યુવાનોમાં તો આધુનિકતાની આ અસર એક માનસિક રોગ સમાન બની છે અને તેમનામાં તેનું એક પ્રકારનું એડિકશન એટલે કે લત લાગી છે. પરંતુ, મોબાઈલ અને ઈન્ટરનેટના વધુ પડતા ઉપયોગથી જો કોઈ સંબંધ સૌથી વધુ અસરગ્રસ્ત બન્યો હોય તો તે છે 'પતિ-પત્ની'નો સંબંધ! ટેલિફોન, ઇ-મેઈલ, વેબસાઈટ, ટેલિવિઝન, કેબલ, ઉપગ્રહ વગેરેમાં જીવંતતા કયાં છે? સંવેદનશીલતા કયાં રહી છે? દરેક સંબંધો સ્વાર્થ કે પૈસાના ત્રાજવે તોલાવા માંડ્યા છે. અમેરિકાના મહાન નેતા માર્ટિન લ્યૂથર કિંગ કહે છે :

**A man has learnt**
**how to fly in the sky**
**like a bird.**
**A man has learnt**
**how to swim in the water**
**like a fish**
**yet, he has not learnt**
**how to love with a man**
**on this earth**



એટલે કે, માણસે પંખીની જેમ આકાશમાં ઉડતાં શીખી લીધું છે, માછલીની માફક પાણીમાં તરતા પણ શીખ્યું છે પરંતુ, તેણે હજુ સુધી એક માણસે બીજા માણસ સાથે કઇ રીતે જીવવું તે શીખ્યું નથી!

ભારતીય સંસ્કૃતિ અને પરંપરા અનુસાર લગ્નજીવન એ માત્ર આ જન્મનો સાથ નહિ પરંતુ, જન્મોજન્મનું સગપણ છે! પરંતુ, આજના સમયમાં ખૂબ ઝડપથી તૂટી જતાં વૈવાહિક જીવનને જોઈને આપણને કયારેક લગ્નસંસ્થાના મજબૂત પાયા હલબલી જતા હોય તેમ લાગે છે! મોબાઈલ ફોનના આ યુગમાં પતિ-પત્ની બંને **Facebook** કે **Twiter** કે **WhatsApp** દ્વારા પોતાના સ્કૂલ-કૉલેજના મિત્રો સાથે, ઓફિસના ગ્રુપ સાથે સતત સંપર્કમાં હોય છે પણ સામસામે બેસીને એકબીજા સાથે વાત કરવાનો સમય ભાગ્યે જ ફાળવે છે! પ્રેમ, લાગણી અને હૂંફથી રચાયેલું પ્રસન્ન દાંપત્યજીવન આજીવન અકબંધ રહે છે પણ ઈન્ટરનેટ પર પાંગરેલો પ્રેમ જયારે લગ્નજીવનમાં પરિણમે ત્યારે તેનું આયુષ્ય સાવ ટૂંકું જોવા મળે છે! પતિ-પત્ની સામસામે બેસીને એકબીજા સાથે **Problame Share** કરવાને બદલે પતિ તેના ગ્રુપમાં અને પત્ની પોતાના ગ્રુપમાં આ અગંત પ્રશ્નોની ચર્ચા કરે છે. પરિણામે, વાત વધુ વણસે છે અને છેવટે આજીવન સાથ નિભાવવાના વાયદા સાથે શરૂ થયેલા સંબંધો પળવારમાં જ પત્તાના મહેલની માફક ખરી પડે છે! મોબાઈલનો કારણે ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેની સાથે વાતચીત થઇ શકે છે. મોટામાં મોટો લાભ એ છે કે કટોકટીના સમયે સંદેશો યોગ્ય સ્થળે પહોંચાડી શકાય છે.પણ આ જ મોબાઇન ફોનના લીધે કયારેક ગંભીર ગેરસમજ સર્જાઇ જતી હોય છે! ઓફિસમાં કે મીટીંગમાં વ્યસ્ત પતિ કે પત્ની જયારે એકબીજાને ફોન કરે ત્યારે સામે બેઠેલે વ્યક્તિની પરિસ્થિતિનો તેમને ખ્યાલ હોતો નથી. પરિણામે, ઘણીવાર સામેની વ્યક્તિને **neglected** કે **avoid** થયાનો ભાવ અનુભવાય છે. જો ફોન ન ઉપાડવામાં આવે કે વ્યસ્ત આવે તો પણ અન્યના મનમાં હજારો પ્રકારના નકારાત્મક વિચારો એકસાથે ધસી આવે છે. પરિણામે, યોગ્ય સમજણના અભાવે નાની - નાની બાબતો ભેગી મળીને કયારેક સંબંધોમાં અચાનક જ ખૂબ મોટી સમસ્યાઓ સર્જી દે છે, જેના કારણે સંબંધ તૂટવાની અણી પર આવી જાય છે!

મોબાઈલ ફોનમાં મેસેજ પર ગુલાબ મોકલવું, ચોકલેટ્સ મોકલવી કે સ્માઈલીઝ મોકલવા એટલું સામાન્ય બની ગયું છે કે હવે તેની અસર પણ જાણે ઘટી હોય તેમ લાગે છે! સામે મળેલી વ્યક્તિને **Smile** આપવા માટે મોબાઈલ ફોનમાંથી ઉપર જોવાની ફુરસદ જ કોની પાસે છે? પતિ-પત્ની **WhatsApp** દ્વારા જ એકબીજા સાથે જરુર પૂરતી વાત **Chatting** દ્વારા કરી લે છે અને ઘરે આવ્યા પછી ટીવી જોવામાં મશગૂલ બની જાય છે. પરિણામે, વાતચીત કે એકબીજાની સંવેદનાઓની આપ-લે કરવાનો દોર ધીરે-ધીરે ઘટતો જાય છે અને તેના ગંભીર પરિણામે લગ્નજીવનના મજબૂત પાયાને હચમચાવી દે છે! અન્ય એક બાબત છે **'Password protected mobile!'** પતિ-પત્ની બંને પોતપોતાના મોબાઈલ પાસવર્ડ એકબીજાથી છુપાવે છે પરિણામે, બંને ભીતરથી અસલામત હોવાનું અનુભવે છે, તેમના વચ્ચેનું અંતર દિન-પ્રતિદિન વધતું જાય છે! મોબાઈલ ફોનનો વિવેકપૂર્વક ઉપયોગ ન કરવામાં આવે તો બીનજરુરી ખર્ચમાં પણ ઘણો વધારો થઈ જતો હોય છે! વળી, ઘરમાં બેઠેલી પત્ની પતિને ફોન કરે ત્યારે તેનો સમય બગડે નહિ તેનું ધ્યાન રાખ્યા વિના વાતો લંબાવ્યા જ કરે છે! ભલે અમુકવાર મોબાઈલની કંપની આપણને કોઈ સમયગાળામાં અમર્યાદિત વાત કરવાની છૂટ આપે. પરંતુ, એનો દુરુપયોગ તો ન જ થવો જોઈએ! અત્યારે દોસ્ત લાગતાં સગવડનાં સાધનો પાછળથી દુશ્મન જેવા લાગે. આમ ન થાય તે માટે દરેકે પહેલેથી જ ખાસ ચેતવાની જરુર છે. કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરીએ ત્યારે તેનાથી થતાં ફાયદાની સાથોસાથ તેનાથી થતા નુકશાનનો વિચાર પણ કરવો જ રહ્યો. મોબાઈલના ગુલામ બની જવું અને તેમાં જ ખોવાયેલું રહેવું એ આર્થિક તેમજ માનસિક બંને રીતે માણસને નુકશાનકરક ન બને તે માટે પહેલેથી જ તેનો ઉપયોગ પ્રમાણસરનો કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

સમયના પલટાતા પ્રવાહમાં વિચારસરણીની સાથે આપણી રહેણીકરણી, ખાણીપીણીની પદ્ધતિ અને સ્વાસ્થ્યમાં ધરમૂળથી ફેરફાર થઈ ચૂક્યો છે. વિદ્યુતની એટલે કે ઈલેકટ્રીસીટીની અદ્ભૂત શોધને કારણે ટીવી, ફ્રીઝ, મિક્ષર, વેક્યુમ ક્લીનર, ફોન કે એ.સી. જેવા સુખસગવડનાં સાધનોએ સ્ત્રીઓ અને પુરુષોની જીવનશૈલીમાં જબરદસ્ત પરિવર્તન લાવી દીધું છે. એપ્લાયન્સીસ વસાવવાના શોખને ગૃહિણીઓ સંતોષે છે અને ઘરને ભર્યું ભર્યું બનાવે છે. ઓનલાઈન શોપિંગ દ્વારા ઘરે બેઠાં બિનજરુરી સામાનમાં વધારો તો થાય જ છે, સાથોસાથ ખર્ચામાં પણ સતત વધારો થતો રહે છે. જીવન આરામમય અને ખુશખુશાલ બને છે પણ આ આનંદ લાંબો સમય ટકી શકતો નથી! બ્રિટીશ મેડિકલ જર્નલ 'ધ લોસેન્ટ'ના અહેવાલ પ્રમાણે ભારતીય મહિલા તથા પુરુષોમાં 'હાઈ બ્લડપ્રેશર'નું પ્રમાણ ખૂબ વધ્યું છે. આનું મુખ્ય કારણ સુવિધાઓનો વધુ પડતો ઉપયોગ અને પરિણામે લાગું પડેલું બેઠાડું જીવન કહી શકાય. જેના કારણે પતિ-પત્ની બંનેને જીમમાં જવાની કે ભૂખ્યાં રહેવાની જરુર ઊભી થઈ છે. સ્ત્રીઓ પણ આધુનિક ઉપકરણોના વધુ પડતા વપરાશથી ટેવાયેલી હોવાના કારણે જયારે આ પ્રકારની સગવડતાઓ પ્રાપ્ત ન થઈ શકે તેમ હોય ત્યારે અકળાઈ જાય છે અને તેનો ગુસ્સો પરિવારના સભ્યો પર વરસાવતી જોવા મળે છે! હાવર્ડ સ્કૂલે એક પબ્લિક સર્વે હાથ ધર્યો. જેમાં જાણવા મળ્યું કે સતત બે અઢી કલાક કરતાં વધારે ટી.વી. જોવામાં આવે તો ટાઈપ ટુ ડાયાબિટીસનો ભોગ બનવાની શક્યતા વધી જાય છે. **WHO** એ કરેલા એક સર્વે અનુસાર ભારતમાં ડાયાબિટીસના દર્દી સૌથી વધારે છે. આમ, વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધોએ આપણને સુખસગવડનાં અસંખ્ય ઉપકરણો આપીને આપણી ઉપર આશીર્વાદ વરસાવ્યા છે. પરંતુ, આ ઉપકરણો અથવા સાધનોનો વપરાશ કરતી વખતે આપણે કાળજી રાખવાની ખૂબ જ જરુર છે.

આ ટેકનોલોજીકલ ક્રાંતિ આપણા સમાજના વૈચારિક સ્વાસ્થ્ય, નૈતિક મૂલ્યો તથા ગૌરવશાળી સંસ્કૃતિ પર મરણતોલ ફટકો મારનારી પૂરવાર થઇ રહી છે. આ સંજોગોમાં થોડી સાવધાની રાખવામાં આવે તો તેના પ્રયોગથી થનારાં દુ:ખદ પરિણામોથી સહેલાઈથી બચી શકાય.